અપીલ અરજી નં.૩૫/૦૮–૦૯ તા. ૧૨–૫–૦૮

અરજદારઃ શ્રી ઠાકરે જીતેન્દ્ર આત્મારામ
સામાવાળાઃડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી

## હુકમઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઠાકરે જીતેન્દ્ર આત્મારામની તા.૫–૫–૦૮ ની અરજીથી તા.૧૮–૫–૦૮નો સ્થાયી સમિતિના ઠરાવની નકલ તેના આધારે સમાવેલ શિક્ષકોની યાદી તેમજ કયા નિયમોને આધારે તેમ થયું તેની નકલ વિગેરે બાબત.

સંદર્ભેઃ–અરજદાર મજકુરની તા.૧૨–૫–૦૮ ની અપીલ અરજી નં.૩૫/૦૮–૦૯

શ્રી ઠાકરે જીતેન્દ્ર આત્મારામની તા.૫–૫–૦૮ ની અરજીથી તા.૧૮–૫–૦૮નો સ્થાયી સમિતિના ઠરાવની નકલ તેના આધારે સમાવેલ શિક્ષકોની યાદી તેમજ કયા નિયમોને આધારે તેમ થયું તેની નકલ વિગેરે બાબતે કોઈ પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા અનુમાનિત ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭ તા.૧૬–૫–૦૮ ના રોજ ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને પાઠવવામાં આવેલ. જેના અનુંસંધાને નં.જીએડી/ઈએસટી/૭૫૪ તા.૨૬–૫–૦૮ ના રોજનો અરજદારને આપેલ માહિતી પત્રની નકલ અત્રે મળેલ છે જેમાં મુદ્દા નં.૨ બાબતે આંશિક માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ જણાય છે.

અરજદારે તા.૫–૫–૦૮ ની તેમની અરજીની ૪૮ કલાકમાં માહિતી માંગેલ જયારે માહિતી અધિકારી ધ્વારા દિન–૩૦ ની સમયમર્યાદામાં આંશિક માહિતી મુદ્દા નં.૨ પૂરતી પૂરી પાડેલ છે. તેમાં મેરીટ લીસ્ટની નકલ આપેલ નથી તેમજ મુદ્દા નં.૧ નો ઠરાવ તેમજ મુદ્દા નં.૩ નિયમોની નકલ પૂરી પાડેલ નથી.તેમજ તે અન્ય જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ હોય તેવી કોઈ વિગતો પણ અત્ર મોકલેલ નથી કે માહિતી નહી પૂરી પાડવા માટે આરટીઆઈ એકટની કલમ–૮ હેઠળ ના કોઈ અપવાદનું વાજબીપણું રજૂ કરેલ નથી કે અરજદારને જણાવેલ નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારે ૪૮ કલાકમાં માહિતી માંગેલ અંગે વ્યકિતના જીવન સ્વાતંત્રયને સ્પર્શતા કોઈ આધાર સમર્થન કે વાજબીપણું અરજદારે અપીલ સાથે રજૂ કરેલ નથી. માહિતીનો પ્રકાર જોતાં તે કક્ષામાં આવી શકે નહી તેની માહિતી ૪ ૮ કલાકના નિયત સમયમર્યાદામાં નહી આપવા બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જયારે તા.૫–૫–૦૮ ની અરજીના મુદ્દા નં.૧ થી ૩ પૈકી ફકત મુદ્દા નં.૨ની જ આંશિક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે મુદ્દા નં.૧ અને ૩ બાબતે કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. આથી અરજદારને નહી પૂરી પાડેલ માહિતી આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસરી દિન–૭ માં પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૬ –૦૮.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***
(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલમાટે
(૨) શ્રી ઠાકરે જીતેન્દ્ર આત્મારામ,